# ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓના હિન્દી મૌખિક વાંચન કૌશલ્યનો અભ્યાસ

ડો. અલ્પનાબેન એ. પરમાર
આચાર્યા
એન. એસ. દેસાઇ કોલેજ ઓફ એજ્યુકેશન ખેરાલુ મહેસાણા ગુજરાત

**પ્રસ્તાવના**

વાંચનનાં મહત્વનો વિચાર રોજબરોજ જીવનમાં કરીએ એ પહેલા વાંચનની શરૂઆત ક્યારે થઇ એ ટૂંકમાં જાણી લેવું રસપ્રદ છે. થઇ પડશે. આમ તો શ્રવણ, કથન, વાંચન, અને લેખન આ ભાષા ના ચાર કૌશલ્ય ગણવામાં આવે છે. એમાં શ્રવણ અને કથનનો વિકાસ ક્રમશ: થાય છે તે પછી વાચન આવે છે ને પરંતુ લેખ વિના વાંચન શાનું એટલે ખરેખર તો લેખન એ વાંચન પહેલા આવેલું છે એટલે સૌપ્રથમ લેખન ની શરૂઆત થયેલી અને તે પછી વાંચનની શરૂઆત થયેલી લેખનની શરૂઆત ચિત્રલિપિથી આશરે ચારેક હજાર વર્ષ પહેલા થયેલી.એ ચિત્રલિપિમાંથી આપણાં મૂળાક્ષરોનો ઉદ્દભવ થયો છે. અને તે પછી પ્રિન્ટીગ ટેકનોલોજીનો ઉદ્દભવ થાતાં વાંચનની આવશ્યકતા ઉભી થઇ છે આમ લેખન પહેલું આવ્યું પછી વાંચન. લેખનમાં ચિત્રલિપિ જ પહેલા હતી એટલે ચિત્રને જોઇને અર્થ આપવાની પ્રક્રિયા એટલે વાંચન વાંચનનું મહત્વ પુરાણ સમય કરતાં પ્રવર્તમાન સમયમાં ઘણું બધું આંકવામાં આવે છે. પ્રયોજકે પોતાના અધ્યાપન કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓના વાચાન દોષો જેવા કે અયોગ્ય વાચન, ઝડપ, આરોહ-અવરોહનો અભાવ, ઉચ્ચારશુદ્ધિનો અભાવ, વિરામ ચિહ્નોના ઉપયોગનો અભાવ, લય વગેરે બાબતો અનુભવતાં પ્રસ્તુત સમસ્યા ઉપર અભ્યાસ કરવાનું વિચારેલ હતું.

**૨. સમસ્યા**

**"ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓના હિન્દી મૌખિક વાંચન કૌશલ્યનો અભ્યાસ"**

૩. સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ધોરણ- 7 , ના વિદ્યાર્થીઓની મૌખિક વાંચન કૌશલ્યની ચકાસવા માટે ૫૦-ગુણની સ્વ-રચિત વાચન કસોટીની રચના કરી હતી, જેમાં મૌખિક વાંચન કૌશલ્યના સાત ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો વિદ્યાર્થીઓની મૌખિક વાંચન કૌશલ્ય જાણવા માટેની કસોટી વિદ્યાર્થીઓ પાસે રૂબરુ લેવામાં આવી હતી, અને વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્યનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું અને નક્કી કરેલા ઘટકો પ્રમાણે તેનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. આ હેતુસર શાળાના શિક્ષકો, સહકાર્યકર્તાઓ અને શિક્ષણ સંસ્થાઓના તાલીમાર્થીઓનો સહયોગ મેળવવામાં આવ્યો હતો.

**૪. સંશોધનના પ્રશ્નો**

૧) વિદ્યાર્થીઓના અર્થગ્રહણ યુકત વાચનની જાણકારી મળશે.

૨) વિદ્યાર્થીઓ મૌખિક વાંચનના કૌશલ્યોનો ખ્યાલ આવશે.

૩) વિદ્યાર્થીઓના મૌખિક વાંચનના કૌશ્લ્યના ઘટકોના નકકી કરવામા આવશે.

૪) વિદ્યાર્થીઓના વ્યક્તિગત વાંચન કૌશલ્યની સ્થિતિનો ખ્યાલ આવશે.

**૫. પારિભાષિક શબ્દોની વ્યાખ્યા** :

મૌખિક વાંચન

મૌખિક વાંચનએ મૂકવાંચનની પ્રક્રિયા પૂર્વશરૂ થતું હોવાથી બાળક મૂકવાંચન કરે તે પહેલાં મુખવાંચન વિશે જાણે અને મુખવાંચનમાં પ્રવીણ બને એ જરૂરી છે વસ્તુત: મૌનવાચનના કરતાં મુખવાંચન અગ્રિમ હોવાનું કારણ એ છે કે મુખવાંચનમાં વાણીનાં કૌશલ્યનો પણ ઉપયોગ કરવો પડે છે એટલે કે લેખકના મનોભાવોને બોલીને વ્યક્ત કરવાના છે અર્થાત મુખવાંચન દરમિયાન વાચક પાસે નીચેના કૌશલ્યોની અપેક્ષા રહે છે.

- શુદ્ધ ઉચ્ચારણ
- અવાજનો આરોહ-અવરોહ
- અવાજના ભાવને અનુરૂપ માત્રા
- વાચનની ગતિ
- ભાવને અનુરૂપ મધુરતા, કરૂણતા, હાસ્ય, વગેરેની અભિવ્યક્તિ
- વિરામચિહ્નોના અર્થને અનુરૂપ ઉપયોગ
- ભાવને સમજીને વાંચવાનો પ્રયત્ન

“બાળક જ્યારે લેખિત કે મુદ્રિત લિપિબધ્ધ સંકેતોને ઉકેલતા શીખે છે, ત્યારથી જ તે મુખવાચન શીખવાનું શરૂ કરે છે. સંકેતને દ્રષ્ટિથી ઉકેલવાનો પહેલો પ્રયાશ હમેશાં ધ્વનિયુક્ત જ હોય છે આમ લિખિત કે મુદ્રિત સંકેતનું ધ્વનિ સંકેતમાં પ્રગટીકરણ થવું અને નામ જ મુખવાંચન.”

1 હિન્દી અધ્યાપનનું પરિશીલ

વાંચન

મુદ્દિત પૃષ્ઠોમાં રજૂ થયેલાં સંકેતો કે સંજ્ઞાઓને જોઇને સમજવા અને તેનું અર્થઘટન બાદ તેમાંથી વિચાર ગ્રહણ કરવાની પ્રક્રિયા એટલે વાંચન.- ભગવદ્-ગોમંડલ (૧૯૯૨)

- વાંચન એટલે “વાંચવું” વાંચવાની ઢબ.
  જ્હોન જે.ડી. (૧૯૯૪)
- વાંચન એ અર્થને શોધવાની અને પામવાની પ્રક્રિયા છે.

કૌશલ્ય

આવડત, પાવીણ્ય, પ્રવીણતા, ચાતુર્ય, કલા, વગેરે. કોઇ વસ્તુની વૃધ્ધિને માટે તેના રૂપ વગેરે ઉત્તરોતર પરિવર્તન થવું . - ભગવદ્-ગોમંડલ (૧૯૯૨)

વ્યવહારું વ્યાખ્યા

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ મેળવતા વિધ્યાર્થીઓના હિન્દી ભાષાના મૌખિક વાંચન કૌશલ્યનો પ્રયોજક દ્વારા અભ્યાસ કરવાના અર્થ લેવામાં આવશે. જેમાં મૌખિક વાંચનના ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૬. સંશોધનનાં હેતુઓ

સંશોધન કાર્ય હાથ ધરતા પહેલા સંશોધકે તે કાર્યના હેતુઓ નક્કી કરવા જોઇએ, હેતુઓ નક્કી કરવાથી એ દિશામાં યોગ્ય ગતિએ કાર્યને આગળ ધપાવી શકાય છે અને હાથ ધરેલું સંશોધન કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકે તેમજ ફળદાયી બને છે આ સંશોધન કાર્ય માટે સંશોધકે જે હેતુઓ નક્કી કર્યા હતા તે આ પ્રમાણે છે.

1. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે મૌખિક વાંચન કસોટીની રચના કરવી
2. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે મૌખિક વાંચન કસોટીની અજમાયશ કરવી.
3. ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કસોટીનાં પ્રાપ્તોકો પર જાતિયતાની અસર તપાસવી.
4. ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કસોટીનાં પ્રાપ્તાંકો પર વિસ્તારની અસર તપાસવી.
5. ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓના મૌખિક વાચન કસોટીના પ્રાપ્તાંકો અને તેમની હિન્દી વિષયની સિદ્ધિ વચ્ચેનો સંબંધ ચકાસવો.

### ૭. સંશોધનમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત સંશોધનમાં સમાયેલા સ્વતંત્રચલ અને પરતંત્રચલ અંગેની વિગત નીચે મુજબ પ્રસ્તુત છે.

| ક્રમ | ચલનો પ્રકાર | ચલ | ચલની કક્ષા |
|---|---|---|---|
| 1 | પરતંત્ર ચલ | મૌખિક વાંચન કૌશલ્યના પ્રાપ્તાંકો | - |
| 2 | સ્વતંત્ર ચલ | 1. વિસ્તાર<br>2. જાતીયતા<br>3. શૈક્ષણિક સિધ્ધિ | 1.શહેરી 2.ગ્રામ્ય<br>1. કુમાર 2.કન્યા<br>1.ઉચ્ચ 2. મધ્ય 3. નિમ્ન |

પરતંત્ર ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પરતંત્ર ચલ તરીકે મૌખિક વાંચન કૌશલ્યના પ્રાપ્તોકોનો સમાવેશ કરેલ હતો. જેમાં ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓના મૌખિક વાચન કૌશલ્યની ચકાસણી માટે ૫૦-ગુણની સ્વ-રચિત વાંચન કસોટી તૈયાર કરવામાં આવશે કસોટીમાં નીચેના ઘટકો ધ્યાનમાં રાખવામાં આવશે.

1. શુદ્ધ ઉચ્ચારણ
2. અવાજનો આરોહ – અવરોહ
3. અવાજના ભાવને અનુરૂપ માત્રા
4. વાચનની ગતિ
5. ભાવને અનુરૂપ મધુરતા, કરૂણતા, હાસ્ય વગેરેની
   a. અભિવ્યક્તિ
6. વિરામચિહ્નોનો અર્થને અનુરૂપ ઉપયોગ
7. ભાવને સમજીને વાંચવાનો પ્રયત્ન

### ૮ સંશોધનની ઉત્કલ્પનાઓ

ઉત્કલ્પનાઓ એ સમસ્યાના નિવારણ માટે શરૂઆતમાં ધારવામાં આવતો માર્ગદર્શક વિચાર, સમજ કે શક્યતાઓ છે જે કારણો શોધવા માટે અને તેના ઉપચાર કરવા માટે તથા અવલોકનો નોંધવા અને માહિતીનું અર્થઘટન કરવા માટે તેનો ઉપચાર કરવા માટે તથા અવલોકનો નોંધવા અને માહિતીનું અર્થઘટન કરવા માટે તેમજ સંશોધનકાર્ય આગળ વધારવા માટેની દિશાનું સૂચન કરે છે ઉત્કલ્પનનાઓ સંશોધન માટે પણ પગથિયાની  ગરજ સારે છે તેને આધારે જ સંશોધક પોતાના સંશોધનકર્યમાં સતત પ્રગતિ સાધી શકે છે. પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે રચવામાં આવી હતી.

1. ખેરાલુ તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
2. ખેરાલુ તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

### ૯ સંશોધનનું મહત્વ

કોઇ પણ બાબત પ્રત્યેનું મહત્વ જ કાર્ય દિશા નક્કી કરી શકે છે. દરેક સંશોધન પોતાની રીતે મહત્વ ધરાવતું હોય છે આ એક પ્રકારનું શૈક્ષણિક સંશોધન છે તેથી તેનું મહત્વ આ પ્રમાણે વિચારી શકાય.

- હિન્દી ભાષામાં મૌખિક વાંચન કૌશલ્યના વિવિધ ઘટકો અંગેની સમજ પણ આ સંશોધનથી મેળવે શકાશે અને શિક્ષકોને તે ખૂબ જ ઉપયોગી નીવડશે.
- શિક્ષણ ચિંતકો પ્રાથમિક શિક્ષણને કૌશલ્યોના વિકાસના તબક્કા તરીકે ઓળખાવે છે ત્યારે પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓ વાંચનનું કૌશલ્ય વિકસાવે એ સતત અનુભવાતું રહ્યું છે આ અભ્યાસમાં વિદ્યાર્થીઓના હિન્દી વાંચન કૌશલ્યનો અભ્યાસ કરવામાં આવશે જે મોટા સમુહને ઉપયોગી બનશે આ ઉદ્દેશ સાથે પ્રસ્તુત અભ્યાસ ઉચિત બનશે.

### ૧૦ સંશોધનનું સીમાંકન અને મર્યાદા

પ્રસ્તુત સંશોધન માત્ર હિન્દી ભાષાના મૌખિક વાચાંન કૌશલ્ય પૂરતૂં જ મર્યાદિત રહેશે.

1. પ્રસ્તુત સંશોધન માત્ર હિન્દી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરતાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત રહેશે.
2. પ્રસ્તુત અભ્યાસમાં "સ્વ-રચિત" મૌખિક વાંચન કસોટીનો જ ઉપયોગ કરવામાં આવશે.
3. પ્રસ્તુત અભ્યાસ ખેરાલુ તાલુકા પૂરતો જ મર્યાદિત છે.
4. પ્રસ્તુત અભ્યાસકાર્ય ૨૦૨૦ થી ૨૦૨૧ નાં શૈક્ષણિક વર્ષ માટે ધોરણ 7 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓ પૂરતો જ મર્યાદિત કરવામાં આવ્યો છે.
5. ખેરાલુ તાલુકાનાં દસ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧૧ અભ્યાસનું ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર પ્રાથમિક શિક્ષણ અને ભાષા-શિક્ષણ બને છે.

**૧૨ સંશોધનના પ્રકાર**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે મૂલગત, વ્યાવહારિક અને ક્રિયાત્મકમાંથી વ્યાવહારિક પ્રકારનું સંશોધન ગણાય છે વળી આ સંશોધનના પરિણામો એક શાસ્ત્રીય આધારો રજૂ કરે છે માટે આ સંશોધન સંખ્યાત્મક પ્રકારનું સંશોધન છે.

**૧૩ સંશોધન પદ્ધતિ**

અત્રે પ્રસ્તૃત સંશોધન સંખ્યાત્મક પ્રકારનું હતું તેથી તેમાં સર્વેક્ષણ પધ્ધતિ હાથ ધરવામાં આવી હતી

**૧૪ સંશોધન યોજના**

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસકાર્ય ૨૦૨૦ થી ૨૦૨૧ નાં શૈક્ષણિક વર્ષ માટે ધોરણ 7 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ખેરાલુ તાલુકાનાં દસ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓનો વ્યાપ વિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂનો**

પ્રસ્તુત અભ્યાસકાર્યમાં શૈક્ષણિક વર્ષ માટે ખેરાલુ તાલુકાનાં દસ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધોરણ 7 માં અભ્યાસ કરતા ૨૫૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના ૧૨૫ કુમાર અને ૧૨૫ કન્યા વિદ્યાર્થીઓ તેમજ શહેરી વિસ્તારના ૧૨૫ વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના ૧૨૫ વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧૫ માહિતીનું વર્ગીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન**

માહિતીનું સ્વરૂપ અને પૃથ્થકરણ, વાંચન મૌખિક કૌશલ્યના ભિન્ન ઘટકો અને જાતીયતા, અને વિસ્તાર, ધોરણ 7 અને શૈક્ષણિક સિદ્ધિ વગેરેનો ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી હતી. .

### ૧૬ સંશોધનના તારણો

ખેરાલુ તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના કુમાર વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી કન્યા વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નહતો તેમજ ખેરાલુ તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નહતો. ધોરણ 7 ના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકો અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે ધન સહસંબંધ જોવા મળ્યો હતો.

### ૧૬ ઉપસંહાર

ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ 7 ના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નહતો તેમજ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નહતો. ધોરણ 7 ના વિદ્યાર્થીઓના મૌખિક વાંચન કૌશલ્ય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે ધન સહસંબંધ જોવા મળ્યો હતો.

### સંદર્ભ સૂચિ

1. ઉચાટ ડી.એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ:
2. ગોહિલ બી. (૧૯૯૨). **ભગવદ ગોમંડલ** . રાજકોટ: પ્રવિણ પ્રકાશન.
3. દેસાઇ, એમ.જી (૧૯૮૨) શૈક્ષણિક સંશોધનની રૂપરેખા. રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
4. દેસાઇ, કે.જી. (૨૦૦૦). **મનોવૈજ્ઞાનિક માપન.** (ચોથી આ.), અમદાવદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
5. નાયક, આર. એમ અને અન્ય (૧૯૭૧). સાહિત્ય સિદ્ધાંતો (પ્રથમ આ.) અમદાવાદ. અનડા બુક ડેપો
6. પટેલ એમ.એમ. (૨૦૦૪). વિચાર અભિવ્યક્તિનું શિક્ષણ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
7. પરમાર, આઇ. (૧૯૯૧). ભાષાશિક્ષણકળા. રાજકોટ: લાભ ચેમ્બર્સ, મ્યુ.કોર્પો.સામે, ઢેબર રોડ.
8. મોદી, એન.જી. (૨૦૦૧). હિન્દી શાંતવાંચન અર્થગ્રહણ માપન.અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.
9. રાવલ, એન.પી.(૨૦૦૮). હિન્દીનું અભિનવ અધ્યાપન. અમદાવાદ: નીરવ પ્રકાશન.
10. વ્યાસ, એસ. અને અન્ય (૧૯૯૬). સાહિત્યવિવેચનનાં સિદ્ધાંતો.(શોધિત વિર્ધિત આ.) અમદાવાદ:આદર્શ પ્રકાશન.
11. વ્યાસ, વાય. (૨૦૦૭) ભાષાનો વૈજ્ઞાનિક અભ્યાસ.(બીજી આ.) અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન, રિલીફ રોડ.